# ચારિત્રિક દૃઢતા, અણીશુદ્ધ આચરણ અને આત્મસંયમનો પર્યાય એટલે પૂ.રામદાસજી મહારાજ

## નડિયાદના સર્વ ભૂતઃ હિતે રતાની ઉક્તિને સાર્થક કરતાં સંતરામમંદિરની સેવાઓની મહેંક વિશ્વભરમાં પ્રસરી

યોગીરાજ અવધૂત શ્રી સંતરામમહારાજની દિવ્ય અખંડજ્યોતિના તેજોમય પ્રકાશની અનુકંપા જેના ઉપર અવિરત ઢળેલી છે તેવા પ્રાતઃસ્મરણીય પૂ.મહંતશ્રી રામદાસજી મહારાજ એટલે સત્કર્મના પ્રેરણાસ્ત્રોત, ચારિત્રિક દૃઢતા, અણીશુદ્ધ આચરણ, આત્મસંયમ, એકત્વ અને સદભાવ થકી માનવતાની મહેંકને વિશ્વભરમાં ફેલાવનાર પ્રેમસભર દરિદ્રનારાયણની સેવાના ભેખધારી મહારાજ એટલે પૂ.રામદાસજી.

સંતરામમંદિર, નડિયાદના મહંત તરીકે સેવાસમર્પિત શ્રી રામદાસજી મહારાજના જીવન ઘડતરના પાયામાં સાકેતધામવાસી પૂ.જાનકીદાસજી મહારાજની જેમપૂ.નારાયણદાસજી મહારાજનો વરદ્હસ્ત તેમના મસ્તક ઉપર સતત આશીર્વાદ વરસાવી રહ્યો છે. સંતદિક્ષાનું નામાભિધાન પૂ.જાનકીદાસ મહારાજે કર્યુ હતું જ્યારે દિક્ષાથી દિક્ષિત પૂ.નારાયણદાસજી મહારાજે કર્યા હતા. આ બંને વિભૂતિઓએ પૂ.રામદાસજીના જીવનમાં પ્રકાશના ઓજસ પાથર્યા. શ્રી સંતરામમંદિર કરમસદમાં મહંત શ્રી વિષ્ણુદાસજી મહારાજના અનુગામી મહંત તરીકે કર્મઠ, પરિશ્રમી, ધર્મ સંસ્કૃતિના ઉદ્ગાતા અને સૌને પ્રેરણાના પિયુષ પીવડાવનારા પૂ.રામદાસજી મહારાજ સંવત-૨૦૨૭ને જેઠવદ-૨ના દિવસે ગાદી પર બિરાજ્યા હતા. છ માસના એકધાર્યા પરિશ્રમે સેવાભાવે અને ધર્મ-અધ્યાત્મના કાર્યોએ પૂ.રામદાસજી મહારાજને ભક્તોના હૃદયમાં ઉંચુ સ્થાન આપી દીધું. સૌ દર્શનાર્થીઓને તેમના આંતરીક ગુણોના સર્વત્ર દર્શન થતાં રહ્યા અને સંતનું સંતત્વ ઉંચી કોટિનું બની ગયું. કરમસદ મંદિરના ઉત્થાન અને ઉર્ધ્વગામી વિકાસ માટે પૂ.રામદાસજી મહારાજ અનિવાર્ય બની ગયા.

કરમસદ મંદિર ખાતે મંદિરના વિકાસની સાથે સાથે મંદિરને ચાર ચાંદ પણ લાગી ગયા. સંતનિવાસ, પુરોગામી મહંતશ્રીઓની સમાધિઓ, અન્નપૂર્ણા વિભાગ, શિશુ પુસ્તકાલય, શિશુ કેન્દ્ર, શિક્ષણસહાય કેન્દ્ર, આરોગ્ય ધામ, સત્સંગ ભુવન, નયનરમ્ય વિશાળ પ્રાંગણ, દિવ્ય અને ભવ્ય કલાત્મક પ્રવેશદ્વાર, અન્નક્ષેત્ર, વિશાળ સંત સંમેલન, ધર્મ સંમેલન અને સંતોનો કુંભમેળો યોજવાના તેઓ પ્રેરણાસ્ત્રોત બન્યા.

સેવાકીય પ્રવૃત્તિની ધર્મધજા, સમગ્ર ચરોતર અને રાજ્યભરમાં લહેરાવવાનું અતિમુશ્કેલ કાર્ય પૂ.રામદાસજી મહારાજના હાથમાં આવ્યું. તેઓએ હોમિયોપેથીક ઔષધાલય, છાત્ર સહાય આયુર્વેદીક દવાખાનું, સ્વાસ્થ્યપ્રદ ઉકાળા, કમળાની દવા, વ્યાયામકેન્દ્ર, સંસ્કાર પ્રવૃત્તિઓ, વૃદ્ધસહાય કેન્દ્ર, ગૌશાળા, નિત્ય સત્સંગ અને સંતરામવાડી, શ્રીવન વાડીની સુવિધાસભર સગવડો નજીવા દરે સૌને પુરી પાડવાની સાથે અનોખા સેવાકેન્દ્રનું પણ નિર્માણ કર્યુ.

કરમસદ મંદિરના મહંત તરીકેનો કાર્યકાળ અદ્વિતિય રહ્યો. તત્કાલીન સમય દરમ્યાન સમગ્ર ભારતવર્ષના અનેક મહાન સંતો, મહંતો અને તપસ્વીઓએ પૂ.રામદાસજી મહારાજની ભારતીય સંસ્કૃતિ અને ધર્મ પ્રત્યેની એકનિષ્ઠા અને પોતાના ગુરુ પ.પૂ.પ્રાતઃ સ્મરણીય સંતરામમહારાજ પ્રત્યેના ગુરુભાવથી આકર્ષિત થઈને કરમસદની સૌએ મુલાકાત લીધી હતી.

વિશેષ કરીને બ્રહ્મલીન પૂ.ડોંગરેજી મહારાજ, તપસ્વી કલ્યાણદાસજી મહારાજ, વિરક્ત સંત વામદેવજી મહારાજ, શ્રી રામસ્વરુપજી મહારાજ, શ્રી દેવપ્રસાદજી મહારાજ, પૂ.અવિચલદાસજી મહારાજ, પૂ.ઈન્દીરાબેટીજી, પૂ.દાદાજી, પૂ.મોરારી બાપુ, શ્રીકૃષ્ણ શંકર શાસ્ત્રી, પૂ.અમરદાસ ખારાવાલા, પૂ.રમેશભાઈ ઓઝા વગેરેની પૂ.રામદાસજી મહારાજ ઉપર વિશેષ શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રેમવરસતો રહ્યો છે.

॥ સર્વમા સાક્ષી આત્મા, પંચમહાભૂતોનો દેહસત્ગુરુ તમારી માંહ્ય છે, તમને મળીઆ તેહ ॥

બધામાં સાક્ષી સ્વરુપે આત્મા રહેલો છે. આ સ્થૂળદેહ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એમપંચમહાભૂતોનો બનેલો છે. સંતગુરુ તમારી અંદર બિરાજે છે. અંતઃકરણ શુદ્ધ થતાં, અધિકારી બનતા તે તમને મળ્યા. પ્રાતઃસ્મરણીય પૂ.સંતરામ મહારાજશ્રીના શ્રીમુખની આ સાખીને પોતાના જીવનમાં શબ્દશઃ ઉતારીને એકનિષ્ઠાથી જય મહારાજની દિવ્ય અખંડજ્યોતિ અને પવિત્ર પાદુકાની અહર્નિશ સેવા પૂ.રામદાસજી મહારાજે કરીને તેમના ઉપર ગુરુના આશીર્વાદ વરસ્યા જેના પરિણામસ્વરુપે બ્રહ્મલીન પ.પૂ.પ્રાતઃ સ્મરણીય નારાયણદાસજી મહારાજના ઉત્તરાધિકારી તરીકે વિક્રમસંવત-૨૦૬૦ને આસો સુદ પૂનમના પવિત્ર દિવસે નડિયાદ સંતરામમંદિરની મુખ્ય ગાદીના ૯મા મહંત તરીકે બિરાજમાન થયા. પ.પૂ.પ્રાતઃસ્મરણીય નારાયણદાસજી મહારાજે ગુરુ પરંપરા થકી સેવાના પ્રકલ્પોની શરુઆત કરી અને સંતરામમંદિરનો અનન્ય વિકાસ કર્યો. તે જ માર્ગ ઉપર પોતાના કરમસદ મંદિરના ૩૫ વર્ષોના મહંત તરીકેના અનુભવના ભાથાનો નિચોડ કરવાનું પ.પૂ. રામદાસજી મહારાજે મનોમન નક્કી કર્યુ.

પૂ.નારાયણદાસજી મહારાજે શરુ કરેલ માનવસેવાના કાર્યને અવિરત ચાલુ રાખીને તેમાં ઉત્તરોત્તર વધારો કર્યો અને બીજી અનેકવિધ સેવાઓ શરુ કરી. સંતરામમંદિર નડિયાદના નવમમહંત તરીકે ભક્તોના હૃદયમાં અનેરુ ઉંચુ સ્થાન પ્રાપ્ત કરીને વિવિધ તબીબી સેવાઓનું અદ્ભૂત વિસ્તરણ કર્યુ. નવી સેવાઓમાં, ઓપીડી, મેમોગ્રાફી, સીટીસ્કેન, કોરીયાન વિભાગ, રેટીના વિભાગ, ઝામરના લેસરથી ઓપરેશન, જીમ્નેશિયમ, આયુર્વેદિક વિભાગ, વાંકા-ચૂકા દાંતની સર્જરી, બાળકો માટે વેક્સીન વિભાગ, નિઃશુલ્ક સર્જીકલ કેમ્પો તથા અત્યાધુનિક સાધનોથી સુસજ્જ ૨૦૦ પથારીની આંખની દિવ્ય હોસ્પિટલ, અન્ય ક્ષેત્રોમાં ગુજરાતમાં સૌપ્રથમગર્ભ સંસ્કાર કેન્દ્રનો શુભારંભ તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં અંગ્રેજી મિડીયમની શાળાનો પણ મંગલ પ્રારંભ કર્યો. જિલ્લાના ભક્તજનો માટે સંતરામમંદિરના પ્રાંગણમાં પૂ.મોરારીબાપુની બે વાર કથા, પૂ.રમેશભાઈ ઓઝાની એકવાર અને સુશ્રી કનકેશ્વરી દેવીની પણ કથાનું આયોજન કરાયું હતું.


અખંડ જ્યોતને સમર્પિત અને હૃદયના ભાવોને શબ્દસ્વરુપ ખુબ જ સુંદર રચના સ્વરુપે પૂ.રામદાસજી મહારાજે રામમસ્તી પદગાનનું પુસ્તક પણ પ્રકાશિત કરેલું છે.

સર્વ ધર્મ સમભાવની દૃષ્ટિ ધરાવતા અખિલ ભારતીય સંત સમિતિના પ્રમુખ બનેલા અને હિંદુ ધર્મના ગૌરવને ઉજાગર કરનાર નીડર, નિર્ભય અને સત્યને વરેલા શ્રી સંતરામમહારાજની દિવ્ય અખંડ જ્યોતના એકનિષ્ઠ સેવક બનીને રહેલા પૂ.રામદાસજી મહારાજનું જીવન જ સર્વત્ર પૂ.સંતરામ મહારાજનો સંદેશ પ્રસરાવી રહ્યું છે.

॥ જય મહારાજ ॥

: સંકલન :
પ્રચેત મહેતા





श्री संतराम समाधिस्थान
नडीआद - 387 001. (गुजरात)





















શ્રી સંતરામ મંદિર, નડીઆદ દ્વારા તા.૨૫-૧૦-૨૦૧૬ ને મંગળવારના રોજ કાર્યરતશ્રી સંતરામ હોસ્પિટલમાં પ.પૂ.યોગીરાજ અવધૂત શ્રી સંતરામ મહારાજના શુભાશિર્વાદથી વર્તમાન મહંત પ.પૂ.શ્રી રામદાસજી મહારાજની આજ્ઞા અને નિશ્રામાં શ્રી સંતરામ રેડીયોલોજી એન્ડ ઈમેજીંગ સેન્ટરમાં ૩૨ સ્લાઈસનું અતીઆધુનિક સી.ટી.સ્કેન મશીન તેમજ ૧.૫ ટેસ્લા (સાઈલેન્ટ ફીચર) સાથેનું એમ.આર.આઈ. મશીનનું લોકાપર્ણ થયું. સાથે સાથે શ્રી સંતરામ નેત્રચિકિત્સાલયમાં એકઝાઈમર લેસર (લેસીક સર્જરી) નું લોકાપર્ણ થયું. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી સંતરામ સી.ટી.સ્કેન અને એમ.આર.આઈ. સેન્ટરમાં વર્તમાન મહંત પ.પૂ.શ્રી રામદાસજી મહારાજશ્રી, પ.પૂ. સંવિદ ભાસ્કરગીરી સ્વામી ભાસ્કરાનંદજી, પ.પૂ.શ્રી દેવપ્રસાદજી મહારાજ (જામનગર), પ.પૂ.શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) શાખા મંદિરના મહંતશ્રીઓ, સંતવૃંદની સાથે સાથે શ્રી દેવુસિંહ ચૌહાણ (સાંસદ), શ્રી પંકજભાઈ દેસાઈ (મુખ્યદંડક, ગુજરાત વિધાનસભા) શ્રી દિનશા પટેલ (પૂર્વમંત્રી) શ્રી હરિનભાઈ પાઠક, હિતેશભાઈ પટેલ, પ્રમુખ : નડીઆદ નગરપાલિકા, પૂ.શ્રી નિર્ગુણદાસજી મહારાજ, પૂ.શ્રી સત્યદાસજી મહારાજ નડીઆદ મેડીકલ એસોઓીશેનનના પ્રમુખ ડો. શ્રી દિપકભાઈ તેમજ પૂર્વ પ્રમુખ ડો. શ્રી જતીનભાઈ પટેલ તેમજ ઈપ્કોવાળા પરિવારના શ્રી દેવાંગભાઈ, સી.જે.પરિવારના શ્રી શૈલેષભાઈ, શ્રધ્ધા હોસ્પિટલ (બોરસદ) ના ડો. શ્રી પરેશભાઈની ઉપસ્થિતિમાં દિપપ્રાગટ્ય કર્યુ. ત્યારબાદ શ્રી સંતરામ નેત્રચિકિત્સાલયના પ્રાંગણમાં ભવ્ય સમારંભમાં સર્વ આમંત્રીતો તેમજ સંતો-મહંતો એ આશીર્વચન પાઠવ્યા. તથા પૂ. ભાઈશ્રીએ દિવ્યવાણીમાં સર્વજનોની સારી સુખાકારીના આશીર્વાદ પાઠવ્યા. અંતમાં શ્રી સંતરામ હોસ્પિટલના વ્યવસ્થાપક દ્વારા માહિતી આપવામાં આવી કે, તમામ લોકાર્પણ થયેલ સેવાઓનો શુભારંભ કારતક સુદ પૂનમ (દેવદિવાળી)ના દિવસે થશે. કાર્યક્રમના અંતમાં શ્રી સંતરામ મંદિર, ઉમરેઠના મહંત પ.પૂ.શ્રી ગણેશદાસજી મહારાજે આભારવિધિ કરી. અને સૌને આશિર્વાદ પાઠવ્યા.